સુરતની શેઠાણી



કીં. ૦–૨ ૦

સંગ્રહ કરી છપાવનાર
કરશનદાશ રણછોડદાશ
ઠે૦ ગલેમંડી—સુરત.

સુરત બરાનપુરી ભાગોળ ભાજીવાલી પોળમા આવેલા શ્રી 'અંબીકા વીજય' પ્રીન્ટીંગ પ્રેસમાં હરગોવનદાસ હરકીશનદાસે છાપ્યું.

સુરતની મોજીલી.



છટકેલી સુંદરી.



ગાયન ૧ લું

કોને કહે છટકેલી, મુવા મને કોને કહે છટકેલી.
હું તો ફેશનમાં ઘેલી બનેલી.
પીયર તજીને ડીયરની સાથે બગીએ જાત હું વ્હેલી. મુ
સીલોનની ચાહ ને સુરતનાં બીસકુટ
તાજા તાજા ખાઉં પડેલી. મુ.

મુંબઈના પોલકા ને સાટીનની સાડીઓ
સ્વપને ન જોઈએ દીઠેલી. મુ.
ઘાઘરાને ચોળીનો પાર નથી મારે,
ચારોજ પ્રેજંટ લીધેલી. મુ.
નવસેરા હાર સાચા મોતીના,
સુંદર બંગડીયો સોને મઢેલી. મુ.
બેસી ગાડીમાં હું જાઉં મંદીરે નીધા પાકી ભણેલી. મ.

ગાયન બીજુ.

રાગ હરીગીત.

અહીં નોકરીથી લઈ રજા પછી શેઠજી તો ચાલ્યા
રસ્તેજ આવું દેખીને જોવા થકી ઉભા રહયા
અફસોસ કે શું જોઉં છું જો પાપના જે આંખથી
આંસુ ભરાયા આંખનાં રોવાય છે ચોધારથી
જા દુર થા જા દુર થાઓ દુષ્ટ રંડા મુજ થકી
આ જગત આખામાં ખરેખર તુજ સમી એકે નથી
નારી કરાવે વેરને પૈસા કર પાણી ખરે
કરશો નહી કોઇ ભાઇઓ વિશ્વાસ નારીનો અરે
ઉંડા નિસાસા નાખીને આખરે તે ચાલ્યા ગયા
મોકી વીભુની અંગ જોઈ ઉનમના તે થયા
લે૰ ન૰ આખુ દાજી. ભાવાણી.

ગાયન ત્રીજું

ગયો તો યાર એકદીન હું સુરતમાં સેલ કરવાને
બપોરના બે કે ત્રણ વાગે નીકળ્યો સેજ ફરવાને
તાપી પર ચાલતો આવ્યો જતું તું ક્યાં ગયો હું તો
ભાગળ પરથી પડયો ભુલો ગયો હું રીયો હું શાહપુરમાં
સખી એક શામળી ઉભી ઝરૂખામાં રહી ઝુકી
શરીર સંકોચતી ક્ષણમાં રૂમાલે મુખ લોતીતી
ઉભો તો બારીયે બીજી હુંને તે યાર તો એનો
ઓચીંતો આવીયો તે ત્યાં થયો મળાપ બેનો
કરી ચુંબન ચતુરીને દબાવી બાથમાં લીધી
જવાને હાથ ઝાલીને નીચે ઉતારી ઝટ દીધી
કરી વીકટોરીયા ભાડે ગયા ત્યાં હીન્દુ હોટલમાં
ડબલના ઓર્ડરો દીધા બન્યા ચકચુર બોટલમાં
રહ્યું નહિ ભાન દુનીયાનું બન્યાં ત્યાં બેઉ એ હાલે
પછીથી શું થયું ભાઈઓ કહીશું આવતી કાલે

આણંદજી.

ગાયન ચોથું.

વંદાનો વિશ્રામ.

તારી વીના ઘેર તાળું રે લાગે મારે તારી વીના
ઘેર તાળું

એ તો દીપક છતાં અંધારૂ રે   સદાયે મારે.
જઈ કુવા પર બેસુ રૂપાળી રામાઓ દેખું
રડું અંતર તારી સારૂં સારૂં રે   સદાયે મારે.
સવારે ઉઠું છું જ્યારે ઢગલું પડે છે હાથે મારે
રડું છું તારી સારૂં સારૂં રે   સદાયે મારે.
પાણી લાવું છુ માથે નાંહ કોઈ આવે સાથે
જગમાં જીવતર મમ ખારૂં ખારૂં રે   સદાયે મારે
પ્રભુ તમે છો કૃપાળુ વાંઢા મેણું ભાંગો મારૂં
નીવેડ ધરવા ધારૂં ધારૂં રે   સદાયે મારે
એવી યાચના કરતો કરતો ઘરમાં જઇને હું સુતો
આવી નિદ્રાને સોનું ભાળુ ભાળુ રે   સદાયે મારે

જ્ઞાતીઓ મારા આવ્યા પરણાવાને બેરી લાવ્યા
ગોરે શ્રીફળ મને આપ્યુ આપ્યુ રે સદાયે મારે
જ્ઞાતીઓને ભોજન દીધા શીરા પુરીને ભજીયાં કીધા
વરઘોડો ફરવા ધારૂ ધારૂ રે સદાયે મારે
મુંબઇથી લાવ્યા તાંસા રજાકના સુરતી વાજા
ઘોડાને હું સણગારૂ રે સદાયે મારે
બની ઠની સુંદર અલબેલો વરઘોડો ફરવા નીકળેલો
અંતર મનસુબો ધારૂ ધારૂ રે સદાયે મારે
કુમ કુમ પત્ર લખવા માટે નીરાજ દીધા રાતે
ઉભો હું લખવા ધારૂ ધારૂ રે સદાયે મારે

લેખક—લખાણુ આનું રહ્યું બાકી લખું છું
પાન બીજામાં આંખે મુજ જટ ખોલી ગઇ સ્વપ્નાંની
વાત અધુરી રહી

કુમકુમ પત્રીકા.

રાગ— હરીગીત.

કુમ કુમ પત્રીકા લખું, આ લગ્નમાં સૌ આવજો
આ ગીત વાંચવાનું ગાયે, પ્યારા અધીરા ના થશો

આ લગ્નમાં સીદ્ધી બુધિને, બેન્ડ વાજા વાગશે
પણ લગ્નમાં કન્યા નથી, તો કોણ બાળ કઢાવશે
વાંકા તણો વંટોળીયો, કહે લોક એ બદમાસ છે
વાંઢાની સાથે વાત કરત, જાત ઊડે વાયરે
આવજોરે આવજો, દીલદાર મારો આવજો
આ કમ નશીબના, ગુન્હો સૌ ડોશવી સોભાવજો
સોળમીની રાતના, છે રાતના નવ વાગતા
હર્ષ થાસે મુજને તો, સૌ જનો જે આવતા

લી હું તમારા સદાના સ્નેહી મીત્ર મળી અત્યારે જે વાર વીત્રીત.

સુંદરીની કથની.

રાગ ગઝલ.

મને મુરખો મળ્યો શામી, પડી છે સુખમાં ખામી
અરે હું આપતિ પામી, કહું શું આપદા બ્હેની

કરે નહિ ચાકરી ધંધો, મુરખ થઇને ફરે અંધો
કરે છે અવનવા ફંદો, કહું શું આપદા બ્હેની ૨
ગુરૂશો અન્ય જ્યાં રમતા, અરે મુજ સ્વામી આથડતા
બળે છે ચીતમાં ભડકા; કહું શું આપદા બ્હેની ૩
કમાવા રીત ના જાણે, કહી મુજ વાત ના માને
ફરતું નામ પરે પાણી, કહુ આપદા બ્હેની ૪
પીતાના દામ સૌ ખાધા, કમાવા પર લીધી બાધા
કરજના હા કીધાં, કાંધાં કહું શું આપદા બ્હેની ૫
ઉધારે અન્ન એ લાવે, લેવા માં ટામ તો આવે
નહિ દે દામ તે વારે, કહું શું આપદા બ્હેની ૬
કરી તકરાર વદે ભુંડું, પડે પળવારમાં કુડું
જુવે ના આંખથી રૂડું, કહું શુ આપદા બ્હેની ૭
અરે અંતર પીડા રહેતું, ઉધારે ક્યાં નથી દેતુ
આવે જામીન સૌ લેતું કહુ શું આપદા બ્હેની ૮
રૂપાળી આબરૂ દેખા, અરે બક્ષસ કીણો પેખી
દુઃખે હું તન રહી રોકી, કહું શું આપદા બ્હેની ૯
સજ્જન તહેવારને ટાણે, મ । આણંદ સો માણે
ભુખે એકાદશી જાણે, કહું સં આપદા બ્હેની ૧૦

સ્નેહીઓ શોધતા આવે, પતિને તે નહિ ફાવે
દિવસ દુખ માંડી વિલાપે, કહું શું આપદા બ્હેની ૧૧
પિતુ માતા ચડે મનવા, સ્વામિ લાગે બડબડવા
લાગે હાં ક્રિત વચન કડવા, કહું શું આપદા બ્હેની ૧૨
પીયરનાં લુગડાં લાવું, કહી જમવા સજી જાઉં
તરત મેંણું અરે ખાવું કહું શું આપદા બ્હેની ૧૩
બન્યા સુરતની શેઠાણી, વદે નિષ્ઠુર એ વાણી
કહું ક્યાં મારી કહાણી કહું શું આપદા બ્હેની ૧૪
ગુજારી જીંદગી મારી બલાપેર હું કરૂં જારી
દીઠા કંઇ દાદ નરનારી કહું શું આપદા બ્હેની ૧૫
સદા ચિંતા તણા તાપે અરે જોબન દુભાએ છે
અરે આવો પતી દેખી હૃદય મમ આ ચીરાએ છે

પરણેલાનો પસ્તાવો.

હતો કુંવારો આજ લગી હું પરણ્યાનું દીલ થાતું
પરણેલાને નજરે જોતાં હૈડું ના હરખાતું

ઘર દુકાનો વેચી દઇને રૂપીઆ સો ભેગા કીધા
લાડીજીને હું સે મલવા થોડા કંઈ કર જે લીધા
વૈરી પરણ્યા શુભ લગ્નથી કર્યા સર્વ પુરા
મુખ સઘળું કાળીનાં દેખ્યું હિંમતના કીધા ચુરા
પ્રથમ આવ્યું શાણી રાની લજ મુકી લચકાતાના
સાથે ફરવાનું હું કહેતો હિંમતમાં અચકાતાના
વચનો વદતાં ધીરે ધીરે બોલી લાગે બહુ સારી
મેં જાણ્યું કે કામ થયું છે સદ્ગુણી પામ્યો નારી
પછી પધાર્યી બીજે આવ્યું વેશ બધો બદલાયો છે
બકરી જેને હું ગણુતો તે વાઘ થઇને આવી છે
બે ત્રણ દીવસ થયા એટલે મકાનમાં ખામી કાઢી
આ ઘરમાં હું નહિં રહેવાની કહાને રીસાયા લાડી
દુકાને મેં આનજ આપ્યું ઘર બીજું ભાડે લીધું
પણ પોલકા માટે પ્યારીએ આ મંત્રણ બીજું દીધું
નોકરીએ મળતાં હું ગભરાયો તોપણ હીંમત મેં રાખી
શું શું જોઈએ શાણી શ્યામા મુખેથી દયોને ભાખી
બેડી ફેશન છત્રી જોઇયે મોજાની જોડી લાવો
બોકેટ ગીનીના સોનાનુ લખ વાળા વેલા આવો

બંગડીયોની જોડી લાવો સાચા પોલીસની સ્વામી
સાડી કટાબી લાવો જરી ચ્હડે છે મારી મામી
સઘળું વેચ્યું દેવું કીધું ત્યારે પરણ્યો છું નારી
સુણતા વાલી પીલા પડ્યા તરત તાડુકા કીધો
પરણી તમને તેમાં કહોને મેં શું કાંઈ ગુન્હો કીધો
મેં માગ્યું તે મરે જોઈએ તેમાં કંઈએ નહિ ચાલે
થઈ ભીખારીકેરી નારી તેતો આ હૈડે સાલે
માટી વીણુ ઘડીએ ઃહિ ચાલે મનમાં લેજો વીચારી
રસોઇ હાથે રાંધું છું તે માટે સમજો છું સારી
હળ થઈ માટે સીધવો આદુને મરચા લેવા
માટી માફક ગણવા લાગી ઓર્ડરગી અકળાવે છે
નવા હવા બુટ્ટા કઠાવી આંતરડી કકળાવે છે
તુર્ત રોકડો જવાબ દે છે કહી જરા હું ગુસ્સે થાઉં
વેરી સોગી આ માયકુસ્ન્ડ આઇ. એમ ગોઈંગ ડિયર નાઉં
ગયો જમાનો જુનો આલી કેથમાં વહાલા મહાલો
કંઠી વેચી દઈ નાટક જોવાને ચાલો
ટાલીફોનથી ટીકીટ કમનો ફર્ટ ક્લાસ ગીઅવર્ડ જાવા
અપટુડેટ બનીને ચાલો ત્યાર થા કરવા હાવા

ઘાતકી પીતા (યાને) લગન કે ચીતા.

૧૦-૫-૩૨

(રાગ ગઝલ)

પ્રભુ પ્યારા દયા નીધી, પીતાજી પાયે હું લાગું
બલાઓને મને બાપુ, શરણુ હું આપનું માંગું ૧
થયો શત્રુ પીતા મારો, અરે મમ રકતનો પ્યાસી;
કહું આ કષ્ટ હું કોને, ઉગારો દીન આ દાસી ૨
બજારે વેચવા બેઠો, ગરીબ આ ગાયને પાપી
કરે મુજ માસનો પૈસે; કલેજુ મ્હારૂં કાપી ૩
બાળક તળી સાથે, વરવાને મુને ધારે
બનીને અંધ લક્ષ્મીમાં, પિતા નિજ પુત્રીને મારે. ૪
ગરીબી ટાળવા માટે મડા સાથે મુને દેસે;
બીચારી માત મારીનું કહ્યું જમદુત ના માને ૫
કકળતી તે બહુ ભારે, કથન કંઇ નાસુણે કાને
નથી કંઇ બારા અવનીમા, હવે બાકી રહી મનમાં ૬
નીહાળી સૃષ્ટીના સુખો ઉઠે છે આગ આ તનમાં
અરે ઓ માત મારીર ખરે ઓ જન્મની દાતા ૭
બહુ આભાર તે કીધો ઉછેરીને મુને માતા
નઠારી થઇ અરે હું તો જઉં છુ સાથરે તારે ૮

જઉ છું સ્વર્ગની વાટે ગણીને દેહને ખારો
સકળ સૃષ્ટી તણાં સ્વામી ક્ષમા મમ દોસ્તની દેજો ૯
કૃપાળું ઈશ બહું નામી શરણ આ રંકને લેજો
ખડી તે રંક બાળાએ ભરીને ઝેરની પ્યાલી ૧૦
ગણીને તેહને અમૃત ઝપાટેથી કરી ખાલી
થયો લક્ષ્મી તણા લોભે પિત. પુત્રી તણો ઘાતી ૧૧
કરે આણંદ ખરે એતો મનાયો જગતમાં પાપી



સુધારાવાળાને શીખામણ.

—: :—

રાગ—ગઝલ.


અરેરે હિંદ સંતાનો જુઓ શું ભાન દેશનમાં
અરે સાથી સુધારાના ફસાયા કેમ ફંદામાં
રહ્યા છો શું મને વળગી ધરીને હર્ષ અંતરમાં
ખરાબી હું અતી કરવા તમારા દેશમાં આવી
રડાવી હીન્દ ભુમીને રહી છું હીન્દ ભુમીમા
ખરાબી હું અતી કરવા તમારા દેશમાં આવી

ખુવારી હિન્દની કરવા સુધારો સાધમાં લાની
સુધારાના થઈ સાથી અતિ આનંદ માનો છો
સુધારો ઘર વિના ચાલી તમે શું ફાયદો દીઠો
સુધારો હિન્દમાં દેખી જુઓ પરસાદ પણ નાઠો
સુધારો હિન્દમાં આવી ફજેતી કીધી છે પુરી
તમારી હિન્દ ભુમીની દશા તો બની છે બુરી
તમે તો એમ માનો કે સુધારા સર્વ સારા છે
અરે આ હિન્દ સંતાનો સુધારા એમ કુધાય છે
રહેશે હિન્દમાં ફેશન ખુવારી ત્યાં સુધી થાશે
નહાળી દાસ ફેશનના વિદેશી તાણી જાય છે
તમારા હિતને માટે વિદેશી માલને છોડો
તમારા દેશને માટે સ્વદેશીમાં પ્રીતિ જોડો
કરીને હોળી ફેશનની વિદેશી કિર્તિ ઝળકાવો
બની ખાદી થકી સુંદર તમારો દેશ શોભાવો



નવી ફેશનનું કોમીક.

ફેશનમાં અપટુડેટ બનીને છુમ છુમ કરતા ચાલે છે
રોફ જોઈ વીચાર કરતાં વેષ્યા સરખા લાગે છે
એક ભાઈ સાહેબ ત્યાં આવ્યા મોટર ધમ ધમ કરતી લાવ્યા
ભાઈ સાહેબનો રોફ જોવાતો મગજું પોલંપોલા છે
કોટ પાટલુનને કોલર સાથે કેપ નવી ચડાવી છે
પણ ઠાઠ જોઈ વીચાર કરતાં ગુર મુંબઈના મવાલી છે



નવા યુગનું નવું શાસ્ત્ર.

(૧)

સુધરી જવાના સાધનોમાં મુખ્ય વસ્તુ આટલી
ઘડીઆળ ચસમાં બુટ કર છત્રી છડી કે બાટલી
ઉત્તમ ગણાતા એજ કેળવણી તણા ફળ થાય છે
શીવ શીવ અરે કોને ખબર પરદેમાં શું જાય છે

(૨)

અહાહા બ્રાન્ડી ને બીડી ગણાયે સ્વર્ગની સીડી
પિયે ના તે ભમાયો છે અમારા શાસ્ત્ર ન્યારા છે
પીતા માતા તણું તાબે રહેવું એ કહ્યું કોને
પ્રિયાંનો પ્રેમ પ્યારો છે અમારા શાસ્ત્ર ન્યારા છે

(૩)

વધ્યા હાંસલાં ખાલી ઘરમાં ભપકો રાખે બહુ ભારી
કોલર પીન નેકટાઇ ખરીદી પૈસાની કીધી ખ્વારી
રોજબરી જીંજર પીકનીઅપ વીના ઘડીએ નહિ ચાલે
સીગારેટના ધુમાડા કાઢે જીવમા સુખ જાણે ભાળે



રાગ—ગઝલ્યાનો

હાય હાયરે ખુદાબક્ષનો બળાપો
રાંડ સંખાણીનો છે કડવોરે — હાય૦
રાંડે લોકોને લાકડા [illegible]
વળી વહાલા પિયુડા [illegible]
રાંડને ખુદા સુજશે [illegible]રે — હાય૦
રૂપે દેખાતી ટાંચણી સુંવાળી
લડવા બેસે તો [illegible]
ચાર મરદથી [illegible] ના સુધરીરે હાય૦
રાંડ ફૂકફૂક [illegible] ફરતી [illegible] ફટકો તે મુજને ફરાવે
ખીરા ખવરાવ્યો છે લાગો વધારે — હાય૦
મેતો બેસી [illegible] આણી [illegible] કીધું પાણી
મારૂ ઘર થયુ ધુળધાણીરે — હાય૦
મેં જાણ્યું કે સાબજત કરશે
રસોઈ કરીને પેટ મારા ભરશે
નહીં જાણ્યું સગાની લડશેરે — હાય૦
ભાઈઓ જુઓ આ શેઠની કહાણી
આણંદજી કેરી દીધી માની
કાઢી મુકજો આવી શેઠાણીરે — હાય૦

છે કોઇ ગેરન્ટી આપનાર.

વાળ નહી નીકળે તો પૈસા પાછા

સાબુ તેમજ નકલી પાઉડરો વાપરી કંટાળી નીરાશ
થએલાઓ માટે

વગર ઇજાએ વાળ કાઢવાનો ઉત્તમ

“જેન્ટલમેન પાઉડર”

(રજીસ્ટર્ડ નં. ૪૭૭)



ફકત ત્રણ મીનીટમાં સફાઇથી વાળ કાઢી નાખે છે. ચામડીને કાંઇ પણ ઇજા થતી નથી. વરસો થયા હજારો માણસોએ ઘણો સંતોષ મેળવ્યો. જે દરેક ઠેકાણે વેચાય છે શીશી એકની કીમત ૪ આના છ શીશીથી ઓછી વીપી મોકલશું નહી. છ શીશા મંગાવનારને પોસ્ટેજ પેકીંગ ખરચ માફ

જથાબંધ ખરીદનાર વેપારીના ભાવ ઘણાજ કીફાયત છે લખો :—

૧૧ કચ્છ કાઠિયાવાડ પરફ્યુમર્સ એમ. એન્ડ એ.

કંપની (જીલ્લો સુરત.) **અમલસાડ.**

બી૦ બી૦ એન્ડ સી૦ આઇ૦ રેલ્વે.

